ISSN 2454-8596
www.MyVedant.com

An International Multidisciplinary Research E-Journal

# ભારતનું મૂડીવિનિવેશીકરણ

**ચૌહાણ હેતલબેન હીરજીભાઈ**

**PH.D Student**

Economics Department

Saurashtra University, Rajkot

**Guidance : Dr. C.K. Maheta**

Jasani Arts And Commerce College Rajkot

## પ્રસ્તાવના

ભારતે એક સુધારણાત્મક સુધારા પહેલના ભાગ રૂપે 1991 માં રાજ્ય એન્ટરપ્રાઇઝ ડિસઇનવેસ્ટ-મેન્ટનો એક કાર્યક્રમ શરૂ કર્યો. આ અધ્યયનમાં એંટરપ્રાઇઝના પ્રભાવ પરના વિનિવેશના પ્રભાવનું વિશ્લેષણ કરે છે , રાજકીય સંદર્ભમાં રાજ્ય અને કેન્દ્રીય સ્તરે સત્તામાં પક્ષકારોની વૈચારિક ઝુકાવની લાક્ષણિકતા છે. 1991–1992 થી 2010–2011ના સમયગાળા માટે 238 કેન્દ્રીય જાહેર ક્ષેત્રના સાહસો માટે પે firm ની કાર્યક્ષમતાના પગલા પેદા થાય છે. કાર્યક્ષમતા જેથી માપવામાં આવે છે અને ડિસઇન્વેસ્ટ - મેન્ટ વચ્ચેના સંબંધનો અંદાજ પછી બે તબક્કાના ઇન્સ્ટ્રુમેન્ટલ વેરિયેબલ્સ અભિગમનો ઉપયોગ કરીને નિશ્ચિત કાર્યક્ષમતા અને ડિસઇન્વેસ્ટમેન્ટ માટેની પસંદગી વચ્ચે પસંદગી માટેના નિયંત્રણ માટે કરવા માં આવે છે. પ્રારંભિક ડિસઇન્વેસ્ટમેન્ટ નોંધપાત્ર કાર્યક્ષમતાના લાભ સાથે સંકળાયેલું છે , પરંતુ ત્યાર બાદ ડિસઇન્વેસ્ટમેન્ટ ખૂબ ઓછું થાય છે અને શેરનું પ્રમાણ ફક્ત છૂટક રીતે કા .વામાં આવે છે. જવાબ દારી અને નફાના લક્ષ્યાંક પર પ્રારંભિક શેરબજારની સૂચિના પરિવર્તનશીલ પ્રભાવ દ્વારા આને સમજાવી શકાય છે, જેનું પુનinનિવેશ રોકાણના બીજા રાઉન્ડ સાથે પુનરાવર્તન કરવામાં આવતું નથી. કામગીરી પર ડિસઇન્વેસ્ટમેન્ટની અસર વધુ મજબુત હોય છે જો એન્ટરપ્રાઇઝ એ રાજ્યમાં સ્થિત હોય જે જમણા તરફ વૃત્તિ ધરાવનાર પક્ષ અથવા કેન્દ્રમાં સત્તામાં પક્ષ સાથે વૈચારિક રીતે ગોઠવાયેલ હોય.

## મૂડી વિનિવેશીકરણ ની વ્યાખ્યા:

મૂડી વિનિવેશીકરણ એટલે સરકાર સામાન્ય રીતે કેન્દ્રીય અને રાજ્યના જાહેરક્ષેત્ર ના સાહસો, પ્રોજેક્ટ અથવા અન્ય નિશ્ચિત સંપત્તિઓ દ્વારા સંપત્તિનું વેચાણ અથવા ફડચા.

## હેતુઓ:

- સાધનો ઊભા કરવા વધારવા-
- સરકારનું વધુ થતું નિયંત્રણ ઘટાડવું.

- મેનેજમેન્ટને સ્વાયત્તા આપી , જેથી રાષ્ટ્રીય સાધનોનો કાર્યક્ષમ ઉપયોગ થાય.
- સાહસોમાં આધુનિકરણનું અપગ્રેડેશન લાવવું.
- નવી સંપત્તિ ઉભી કરવી.
- રોજગારી વધારવી.
- જાહેર દેવું ઘટાડવુ.
- ભારતીયપેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ ના ઇન્વેસ્ટમેન્ટ ની જાહેરાત કરી

## મોદી સરકાર સરકારી કંપનીઓ કેમ વેચી રહી છે?

ભારતની રાજકોષીય ખોટ રૂપિયા 6.45 લાખ કરોડની છે. તેનો અર્થ એ થયો કે ખર્ચ બહુ વધારે અને કમાણી બહુ ઓછી છે. ખર્ચ અને કમાણી વચ્ચે 6.45 લાખ કરોડનું અંતર છે. આ સમસ્યાને પહોંચી વળવા માટે સરકાર પોતાની કંપનીઓનું ખાનગીકરણ અને વિનિવેશ કરીને પૈસા એકઠા કરે છે.મોદી સરકારની કૅબિનેટે 5 કંપનીઓમાં વિનિવેશને મંજૂરી આપી દીધી છે.આ પહેલાં નીતિ આયોગના ઉપાધ્યક્ષ રાજીવ કુમારે ઑગસ્ટમાં બીબીસીને જણાવ્યું હતું કે વિનિવેશ કે વેચાણ માટે કેન્દ્ર સરકારને 46 કંપની ઓની યાદી આપવામાં આવી છે અને કૅબિનેટે તેમાંથી 24ના વિનિવેશને મંજૂરી આપી દીધી છે. સરકાર નું લક્ષ્ય છે કે ચાલુ વર્ષે આવું કરીને તે 1.05 લાખ કરોડની કમાણી કરશે.

## વિનિવેશ અને ખાનગીકરણ શું છે?

ખાનગીકરણ અને વિનિવેશને ઘણી વખત એક સરખાં ગણી લેવામાં આવે છે. જોકે, ખાનગીકરણ અલગ છે. તેમાં સરકાર પોતાની કંપનીમાં 51 ટકા અથવા તેથી વધુ હિસ્સો કોઈ કંપનીને વેચી દે છે. તેના કારણે કંપનીનું સંચાલન સરકારના હાથમાંથી ખરીદનારના હાથમાં જતું રહે છે.જ્યારે વિનિવેશમાં સરકાર પોતાની કંપનીમાંથી કેટલોક ભાગ ખાનગી કંપનીને અથવા અન્ય કોઈ સરકારી કંપનીને વેચી દે છે.સરકાર ત્રણ રીતે પૈસા એકઠાં કરવાની કોશિશ કરી રહી છે- વિનિવેશ , ખાનગીકરણ અને સરકારી સંપત્તિઓનું વેંચાણ.આ ખાનગીકરણ અને વિનિવેશ એવા માહોલમાં થઈ રહ્યાં છે કે જ્યારે દેશમાં બેરો જગારી

ISSN 2454-8596
www.MyVedant.com

VIDHYAYANA An International Multidisciplinary Research E-Journal

એક મોટું સંકટ બની ગઈ છે.દેશમાં મૂડીની ઘણી અછત છે. સ્વદેશી કંપનીઓ પાસે મૂડી નથી. તેમાંથી મોટા ભાગની કંપનીઓ પર દેવું છે. બૅંકોની સ્થિતી પણ સારી નથી.વિનિવેશ બાબતે એવી દલીલ એવી પણ છે કે સરકારી કંપનીઓમાં કામકાજની રીતમાં પરિવર્તન આવશે અને ખાનગીકરણ થવાથી જે પૈસા આવશે તેને બહેતર સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં વાપરી શકાશે.

પરંતુ શું એ ખરા અર્થમાં વિનિવેશ છે?

5 જુલાઈએ બજેટ રજૂ કરતાં નાણામંત્રી નિર્મલા સીતારમણે પબ્લિક સૅક્ટર અંડરટૅકિંગ (પીએસયૂ)માં સરકારનું રોકાણ 51 ટકાથી ઓછું કરવાની જાહેરાત કરી હતી.તેનો સરળ શબ્દોમાં એ અર્થ થયો કે જો 51 ટકાથી ઓછા શૅર હશે તો સરકારની માલિકી ખતમ.પરંતુ એ જ જાહેરાતમાં એ વાત પણ હતી કે સરકાર માત્ર હાલની સ્થિતિ બદલવા માગે છે , જે હાલ સરકારની 51 ટકા ડાયરેક્ટ હોલ્ડિંગની છે. તેને બદલીને ડાયરેક્ટ કે ઇનડાયરેક્ટ સરકારી હોલ્ડિંગ કરવા માગે છે.

એક ઉદાહરણ ઇન્ડિયન ઑઇલ કૉર્પોરેશન લિમિટેડનું લઈએ. તેમાં સરકારનું 51.5% ડાયરેક્ટ હોલ્ડિંગ છે. તે ઉપરાંત જીવન વીમા નિગમ (એલઆઈસી)ના 6.5ટકા શૅર પણ તેમાં છે, જે સંપૂર્ણ રીતે સરકારી કંપની છે.તેનો અર્થ એવો થાય કે આઈઓસીએલમાં સરકારનું ઇનડાયરેક્ટ હોલ્ડિંગ પણ છે.

તો જો સરકાર આઈઓસીએલમાંથી પોતાનું ડાયરેક્ટ સરકારી હોલ્ડિંગ ઓછું કરે તો ઇનડાયરેક્ટ સરકારી હોલ્ડિંગના કારણે નિર્ણયો લેવાની સત્તા તો સરકારના હાથમાં જ રહેશે. તો પછી આ પાછળનો હેતુ શો હોઈ શકે ?હેતુ તો એવો હતો કે કોઈ નવું રોકાણકાર મળે અને આ સંસ્થાને બદલીને વિકાસની વાટે લઈ જવાય. પણ આમાં ક્યાંકને ક્યાંક સરકારી હસ્ક્ષેપ તો રહેશે જ.

આર્થિક અને વ્યવસાયિક જગતના એક મોટા વર્ગનું માનવું છે કે છેલ્લાં ત્રીસેક વર્ષમાં જે રીતે સરકારી કંપનીઓ વેચવામાં આવી છે તે વિનિવેશ છે જ નહીં , પરંતુ એક સરકારી કંપનીના શૅર બીજી સરકારી કંપનીએ ખરીદ્યા છે.તેનાથી સરકારનું બજેટનું નુકસાન તો ઓછું થશે પરંતુ તેનાથી કંપનીના શૅર-હોલ્ડિંગમાં બહુ ફરક નથી આવે કે કંપનીના કામ-કાજમાં પણ કોઈ ફરક નહીં પડે.

## વિનિવેશનો ડર કેમ ?

વિનિવેશની આ પ્રક્રિયા પણ અર્થવ્યવસ્થાની જેમ ધીમે ચાલે છે. મોદી સરકારનું વિનિવેશનું લક્ષ્ય માત્ર 16% પૂરું થયું છે. લક્ષ્યના 1.05 લાખ કરોડમાંથી લગભગ 17,365 કરોડ રૂપિયા એકઠા થઈ ચૂક્યા છે.ઍર ઇન્ડિયાને વેચવા માટે પણ રોકાણકારની શોધ ચાલી રહી છે. તેમાં વિલંબ થઈ રહ્યો છે કારણ કે પહેલાં સરકાર તેમાં 24% હોલ્ડિંગ રાખવા માગતી હતી પરંતુ હવે સરકાર તેને સંપૂર્ણ રીતે વેચવા તૈયાર છે.વિનિવેશની ધીમી ગતિનું કારણ તેનો વિરોધ પણ છે કારણ કે તેનાથી નોકરીઓ જવાનો ખતરો છે.આરએસએસ સાથે જોડાયેલા ભારતીય મજૂર સંઘે પણ સરકારી કંપનીઓને ખાનગી કંપનીઓ વેચવાનો વિરોધ કર્યો છે.કારણ કે ખાનગી કંપની કોઈને પણ નોકરીમાંથી કાઢી શકે છે. જોકે અર્થશાસ્ત્રી વિવેક કૌલ કહે છે કે નોકરીમાંથી કાઢવાનો અર્થ એવો નથી કે કર્મચારીઓ રસ્તા પર આવી જશે.સ્ટાફને વીઆરએસ (સ્વૈચ્છિક નિવૃત્તિ) આપવી પડશે. પ્રોવિડન્ટ ફંડ પણ આપવું પડશે અવે તેમને ગ્રેચ્યુઇટી પણ આપવી પડશે.છેલ્લી વખતે એનડીએ સરકારે વર્ષ 1999થી 2004 વચ્ચે પણ રાજકોષીય ખોટ ઓછી કરવા માટે વિનિવેશની પદ્ધતિ અપનાવી હતી.ત્યારે તેના માટે એક અલગ મંત્રાલય પણ બનાવવામાં આવ્યું હતું. આ કવાયત કૉંગ્રેસ સરકારની પણ રહી છે પરંતુ હાલ તે એનડીએ સરકારના આ પગલાની ટીકા કરી રહી છે.

## સરકારી કંપનીઓમાં વિનિવેશથી દેશમાં બેરોજગારીનું પ્રમાણ વધશે?

એક લાખ પાંચ હજાર કરોડ રૂપિયાના લક્ષ્યને પૂર્ણ કરવા માટે ભારતમાં 24 સરકારી કંપનીઓનાં વિનિવેશ અને ખાનગીકરણની પ્રક્રિયા મોટા પાયે શરૂ થઈ રહી છે.તેનાથી સરકારી કંપનીઓના સ્ટાફ અને કર્મચારીઓનાં હૃદયના ધબકારા પણ વધી રહ્યા છે.તેમને ડર છે કે સરકારી કંપનીઓની માલિકી ખાનગી કંપનીઓના હાથમાં આવ્યા બાદ તેમની નોકરીઓ પર ગંભીર જોખમ તોળાશે.એટલે સરકારી કર્મચારીઓ અને મજૂરસંઘોએ ખાનગીકરણનો વિરોધ કરવાનો નિર્ણય કર્યો છે.

ISSN 2454-8596
www.MyVedant.com
VIDHYAYANA
An International Multidisciplinary Research E-Journal

સત્તાપક્ષ ભાજપના વૈચારિક સહયોગી ભારતીય મજૂરસંઘના મહાસચિવ બ્રજેશ ઉપાધ્યાય કહે છે, "અમે બે કારણસર વિનિવેશનો વિરોધ કરીએ છીએ. એક તો કંપનીના માલિક બદલાઈ જાય છે. સરકાર પાસેથી માલિકી ખાનગી હાથોમાં જતી રહે છે જેના કારણે કર્મચારીઓની નોકરીઓ ખતરામાં પડી જાય છે."

"વિરોધનું બીજું કારણ એ છે કે અમારો એવો અનુભવ છે કે ખાનગી કંપનીઓના ટેકઓવર બાદ તેમનો રસ કર્મચારીઓમાં હોતો નથી. મોટા ભાગે તેમનો રસ પૈસા આમ-તેમ કરવામાં હોય છે."

<u>વિનિવેશથી જશે નોકરીઓ?</u>

યોજનાઓ બનાવતી સરકારી થિંકટૅન્ક 'નીતિ આયોગ'ના ઉપાધ્યક્ષ રાજીવ કુમારના જણાવ્યા પ્રમાણે વિનિવેશ કાયદાની અંતર્ગત કરવામાં આવે છે.તેઓકહે છે , "જ્યાં સુધી મજૂરસંઘો સાથે મારી વાત થઈ છે ત્યાં સુધી તેઓ ઇચ્છતાનથી કે તે એવી કંપનીમાં કામ કરે કે જે દર વર્ષે નુકસાન કરી રહી હોય. તેમનુંપણ મન હોય છે કે તેઓ નફો રળતી કંપનીઓમાં કામ કરે. ખાનગી ક્ષેત્ર આવી કંપની ઓને ફાયદાકારક બનાવવાનો પ્રયાસ કરતું હોય છે."વિનિવેશનીપ્રક્રિયામાં સરકારી કંપનીનો અમુક હિસ્સો એક ખાનગી કંપનીને વેચી દેવામાંઆવે છે , પણ કંપનીની માલિકી અને સંચાલન સરકાર પાસે જ રહે છે.તેનો અર્થ એવો કરી શકાય કે વિનિવેશ બાદ કંપનીના સ્ટાફ અને કર્મચારીઓને નોકરીમાંથી કાઢવા કે પછી વર્કફોર્સ ઓછો કરવાની જરૂર પડતી નથી.પરંતુજો કોઈ સરકારી કંપનીને ખાનગીકરણ અંતર્ગત ખાનગી ક્ષેત્રને ( 51 ટકા કરતાંવધારે ભાગ) વેચી દેવામાં આવે છે તો સરકાર તેની માલિકી અને સંચાલન બન્નેગુમાવી દે છે.તેવામાં ખાનગી કંપની પોતાની જરૂરિયાત પ્રમાણે વર્કફોર્સ પર કામ કરી શકે છે અથવા કર્મચારીઓને નોકરી પરથી હટાવી પણ શકે છે.

<u>મજૂરસંઘો સરકારથી નારાજ</u>

યોજનાઓ બનાવતી સરકારી થિંકટૅન્ક 'નીતિ આયોગ'ના ઉપાધ્યક્ષ રાજીવ કુમારના જણાવ્યા પ્રમાણે વિનિવેશ કાયદાની અંતર્ગત કરવામાં આવે છે.તેઓ કહે છે , "જ્યાં સુધી મજૂરસંઘો સાથે મારી વાત થઈ છે ત્યાં સુધી તેઓ ઇચ્છતા નથી કે તે એવી કંપનીમાં કામ કરે કે જે દર વર્ષે નુકસાન કરી

ISSN 2454-8596
www.MyVedant.com

VIDHYAYANA An International Multidisciplinary Research E-Journal

રહી હોય. તેમનું પણ મન હોય છે કે તેઓ નફો રળતી કંપનીઓમાં કામ કરે. ખાનગી ક્ષેત્ર આવી કંપનીઓને ફાયદાકારક બનાવવાનો પ્રયાસ કરતું હોય છે."વિનિવેશની પ્રક્રિયામાં સરકારી કંપનીનો અમુક હિસ્સો એક ખાનગી કંપનીને વેચી દેવામાં આવે છે, પણ કંપનીની માલિકી અને સંચાલન સરકાર પાસે જ રહે છે.તેનો અર્થ એવો કરી શકાય કે વિનિવેશ બાદ કંપનીના સ્ટાફ અને કર્મચારીઓને નોકરીમાંથી કાઢવા કે પછી વર્કફોર્સ ઓછો કરવાની જરૂર પડતી નથી.પરંતુ જો કોઈ સરકારી કંપનીને ખાનગીકરણ અંતર્ગત ખાનગી ક્ષેત્રને ( 51 ટકા કરતાં વધારે ભાગ) વેચી દેવામાં આવે છે તો સરકાર તેની માલિકી અને સંચાલન બન્ને ગુમાવી દે છે.તેવામાં ખાનગી કંપની પોતાની જરૂરિયાત પ્રમાણે વર્કફોર્સ પર કામ કરી શકે છે અથવા કર્મચારીઓને નોકરી પરથી હટાવી પણ શકે છે.

ખાનગી ક્ષેત્ર સાથે સંબંધ ધરાવતા લોકોનું કહેવું છે કે સરકારી કર્મચારીઓની દક્ષતા અને ક્ષમતામાં ખામી હોય છે અને સરકારી કંપનીઓમાં જરૂર કરતાં વધારે કર્મચારી કામ કરતા હોય છે.સરકારી કંપની ભારત સંચાર નિગમ લિમિટેડ ( BSNL)ના કર્મચારી યુનિયનના મહાસચિવ પી. અભિમન્યુ એ વાત સાથે અસહમત છે કે સરકારી કંપનીઓમાં કામ કરતા કર્મચારીઓ ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ કથા ઓછા વ્યવસાયી હોય છે.તેઓ કહે છે , "અમારા પર લાગેલા આરોપ સાચા નથી કે અમે કામચોર છીએ અથવા તો અમને કામ કરતા આવડતું નથી. અમે કર્મચારીઓને 'કસ્ટમર-ફ્રેન્ડલી' બનાવવા માટે ઘણાં અભિયાન ચલાવ્યાં છીએ. અમારી અંદર એ બધા ગુણ છે કે જે એક ખાનગી કંપનીના કર્મચારીમાં હોય."અર્થશાસ્ત્રી વિવેક કૌલ કહે છે કે નોકરીમાંથી કાઢવાનો મતલબ નથી એ કે કર્મચારીઓ રસ્તા પર આવી જશે.તેમના પ્રમાણે સ્ટાફને નાણાકીય પૅકેજ આપી શકાય છે.તેઓ આગળ કહે છે, "તેમને વીઆરએસ આપવું પડશે , પ્રૉવિડન્ટ ફંડ આપવું પડે છે અને ગ્રૅચ્યુઇટી આપવી પડે છે."બીએસએનએલના કર્મચારીઓની સંખ્યા પોણા બે લાખ છે અને તેની પહોંચ દેશભરમાં છે.પરંતુ તેને મૂડી અને આધુનિક ટેકનિકની ખૂબ જરૂર છે. સરકારે તેમને 4G રોલઆઉટથી બહાર રાખ્યા છે.અભિમન્યુ સરકારથી નારાજ છે. તેઓ કહે છે , "સરકારની વ્યૂહરચના એવી હશે કે આને મરવા દો , તેનું આધુનિકરણ ન કરો અને તેમાં મૂડીનું રોકાણ ન કરો."તેમના પ્રમાણે સરકાર , "જિયોને બચાવવા માટે BSNLની અવગણના કરી રહી છે."

## ઝડપથી વધતી બેરોજગારી:

ખાનગીકરણ અને વિનિવેશ એક એવા માહોલમાં થઈ રહ્યાં છે કે જ્યારે દેશમાં બેરોજગારી એક મોટા સંકટના રૂપમાં હાજર છે.આ વર્ષે સરકારી એજન્સી 'પીરિઑડિક લેબર ફૉર્સ સર્વે 'ના એક રિપોર્ટ પ્રમાણે, દેશમાં વર્ષ 2017-18માં બેરોજગાર યુવા પુરુષોની સંખ્યા 1.82 કરોડ હતી જ્યારે બેરોજગાર મહિલાઓની સંખ્યા 2.72 કરોડ હતી. 2011ની વસતીગણતરી પ્રમાણે , ભારતમાં 33.3 કરોડ યુવાનોની વસતી હતી જેમની સંખ્યા વર્ષ 2021માં 36.7 કરોડ સુધી પહોંચવાની શક્યતા છે.

PLFSને શહેરી ક્ષેત્રોમાં દર ત્રણ મહિને રોજગારીના આંકડા કાઢવા અને ગ્રામીણ તથા શહેરી ક્ષેત્રોમાં વર્ષમાં એક વખત તેને માપવાના ઉદ્દેશથી શરૂ કરાઈ હતી.વર્ષ 2018ની ઑક્ટોબર-ડિસેમ્બરના ત્રિમાસિક અહેવાલ પ્રમાણે દેશમાં આશરે એક તૃતીયાંશ રોજગાર-યોગ્ય યુવાનોની વસતી બેરોજગાર છે.અહેવાલ પ્રમાણે 15-29 વર્ષની ઉંમર ધરાવતા શહેરી યુવાનો કે નોકરીની શોધમાં છે , તેમાં બેરોજગારી સતત વધી રહી છે. ગત વર્ષે ડિસેમ્બર સુધી બેરોજગારી 23.7% પર હતી. 2018ની ડિસેમ્બર ત્રિમાસીમાં યુવા બેરોજગારી બિહાર (40.9%)માં સૌથી વધારે હતી.ત્યારબાદ કેરળ (37%) અને ઓડિશા ( 35.7%), જ્યારે ગુજરાતમાં આ સંખ્યા સૌથી ઓછી ( 9.6%) હતી.સામાન્ય ચૂંટણી પહેલાં બેરોજગારીના સરકારી આંકડા લીક થઈ જવા પર કેન્દ્ર સરકારે કહ્યું હતું કે આ આંકડા ફાઇનલ રિપોર્ટનો ભાગ નથી.આ વર્ષની પહેલી ત્રિમાસીમાં ઘટતા આર્થિત વિકાસદરને ધ્યાનમાં રાખતા અર્થશાસ્ત્રીઓએ બેરોજગારીની સંખ્યા ગંભીર રૂપે વધવાની આશંકા વ્યક્ત કરી છે. પરંતુ સરકારના મતે બેરોજગારીના સંકટને લોકો ખોટી રીતે રજૂ કરી રહ્યા છે.રાજીવ કુમાર કહે છે કે 'સામાન્ય ભારતીય આજે વધારે ખુશહાલ છે. ગરીબી રેખા નીચે રહેતા લોકોની સંખ્યા ઘણી ઘટી છે. લોકોને ગૅસ તેમજ વીજળી મળી છે. ખેડૂતોને રોકડ રકમ મળી છે. 'તેમના અનુસાર "સરકારે ઘણી સ્કીમ લાગુ કરી છે જેનાથી લોકોનાં જીવનમાં ખુશહાલી આવી છે. તેમનું જીવનધોરણ વધુ સારું બન્યું છે અને દેશના સામાન્ય નાગરિકો પાસે પહેલાં કરતાં વધારે પૈસા છે."

**સંદર્ભ સૂચી :**

**1.ભારતીય અર્થતંત્ર**

**2.**https://www.bbc.com/gujarati/india-49380591

3.https://www.bbc.com/gujarati/india-50506536

4.https://www.sciencedirect.com/science/article/abs/pii/S1049007817302129

5.https://www.zigya.com/gseb/study/book